# દાંતા તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં આવેલ માણેકનાથ ગુફા પ્રવાસન સ્થળ તરીકે પ્રખ્યાત

## અત્યારે ચોમાસાની સીઝનમાં કુદરતી સૌંદર્યને નિહાળવા દૂર-દૂરથી લોકો ઉમટી પડે છે : અમદાવાદના માણેકચોક સાથે સંકળાયેલ આ સ્થાનનો ઈતિહાસ ભવ્ય છે : સરકારની સહાય અને દાતાઓના સહયોગથી લોટોલ-માણેકનાથ સ્થળ બન્યું સુવિધાસજ્જ

દાતા, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાની ભૌગોલિક રચના વિશેષ છે. જિલ્લાની પૂર્વ દિશામાં અરવલ્લીના રમણીય ડુંગરાઓ અને પશ્ચિમ દિશામાં રણ વિસ્તાર છે. જિલ્લામાં ઘણા સ્થળો દર્શનીય અને પ્રવાસન સ્થળો છે.

દાંતા તાલુકામાં અંતરિયાળ વિસ્તારમાં માંકડી નજીક વિશાળ ડુંગર ઉપર માણેકનાથની ગુફા આવેલ છે. ડુંગરની તળેટી સમાન લોટોલ મુકામે માણેકનાથ મંદિર છે. પ્રકૃતિના પાલવમાં આવેલ આ સ્થળો અત્યતં સુંદર, રમણીય અને દર્શનીય છે. અત્યારે ચોમાસાની સીઝનમાં અહીં પ્રકૃતિનું સૌદર્ય સોળે કળાએ ખીલ્યુ છે ત્યારે કુદરતના આ ભવ્ય નજારાને નિહાળવા... માણવા... લોકો દૂર દૂરથી ઉમટી પડે છે. રવિવાર અને રજાના દિવસોમાં તો અહીં મેળા જેવો માહોલ સર્જાય છે.



લોટોલ-માણેકનાથ સ્થળનો ઈતિહાસ ૬૦૦ વર્ષ પુરાણો અને ભવ્ય છે. આજુ બાજુના ગામોના લોકો બાધા કરવા એટલે કે બાળકોની બાબરી ઉતારવા (ચૌલકર્મ) માટે અહીં આવતા હોય છે.

લોકવાયકા પ્રમાણે ઘણા વર્ષો પહેલાં માણેકનાથ નામના પૂજ્ય સંત મહાત્માએ આ વિસ્તારમાં ખૂબ તપ કર્યુ હતું. તેથી આ જગ્યાનુ નામ માણેકનાથ તરીકે પ્રસિધ્ધ છે. અન્ય દંતકથા પ્રમાણે અમદાવાદના માણેકચોક સાથે આ સ્થળનો ઈતિહાસ સંકળાયેલો છે. ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદના બાદશાહ અમદાવાદ ફરતે કોટ ચણાવતા હતા ત્યારે માણેકનાથ બાબા દિવસે ગોદડી સિવતા હતા અને રાત્રે તે ગોદડીના ટાંકા તોડી નાખતા હતાં ત્યારે ચણતર થયેલો કોટ પણ તુટી જતો હતો. બાદશાહે આ ચમત્કાર રૂબરૂ જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આથી માણેકનાથે પાણીની ઝારી મંગાવી હતી અને માણેકનાથે પોતાના સ્થળ દેહને સુક્ષ્મદેહ બનાવી પાણીની ઝારીમાં સમાવી લીધો હતો. તે પછી બાદશાહે ઝારીના તમામ છિદ્રો બંધ કરાવી દીધાં હતા. પાણીની ઝારીમાં પુરાયેલા માણેકનાથને બાદશાહે પોતાની ઈચ્છા જણાવવાનું કહેતાં તેઓએ તે સ્થળે પોતાનું સ્મારક બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે અનુસાર માણેકનાથના નામ ઉપરથી અમદાવાદ ખાતે માણેકચોક નામ અપાયુ હતુ. ત્યાં માણેકનાથનું મંદિર પણ બનાવેલુ છે.

ઝારીમાં પુરાયેલા માણેકનાથે ચમત્કાર સર્જી માણેકચોકથી ભૂગર્ભમાં ભોયરાની રચના કરી હતી. કહેવાય છે કે આ ભોયરૂ માણેકચોકથી દાંતા તાલુકાના માણેકનાથ ડુંગર સુધી બનાવાયું હતુ. અત્યારે પણ આ જગ્યા માણેકનાથ ગુફા તરીકે પ્રસિધ્ધ છે. વિશાળ અને રમણીય ડુંગર પર આવેલ માણેકનાથ ગુફા નિહાળવા લોકો આવતા રહે છે.

વર્ષ ૨૦૦૭માં ગુજરાત પ્રવાસન નિગમ ગાંધીનગરના તત્કાલીન મેનેજીંગ ડિરેક્ટર પી.ડી. વાઘેલાએ આ સ્થાનની મુલાકાત લઈ નિગમ દ્વારા માણેકનાથ ગુફા સુધી પાકો રસ્તો અને વીજળીની સુવિધા કરાવી હતી. સરકારની સહાય અને દાતાઓના સહયોગથી લોટોલ-માણેકનાથ સ્થળ ખુબ જ સુવિધાસજ્જ બનાવાયું છે.

આ સુંદર સ્થળ દાંતાથી ૩૨ કિ. મી. ખેડબ્રહ્મા- અંબાજી રોડ ઉપર આવેલ હડાદથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલુ છે ત્યાં જવા માટે પાકા રસ્તા અને બસની સુવિધા પણ ઉપલબ્ધ છે. સપરિવાર આ સ્થાનની મુલાકાત લઈ યાદગાર બનાવી શકાય છે. આખો દિવસ પરિવાર સાથે આનંદ, ઉત્સાહથી પસાર કરી શકાય તેવી આ સુંદર જગ્યા છે.

# હિંમતનગર સ્ટેટ બેંકની મુખ્ય શાખામાં છ કર્મચારીઓને કોરોના પોઝીટીવ

## બેંકનું કામકાજ થંભાવી દેવાયુ : અન્ય શાખાઓમાં કામકાજ રાબેતા મુજબ

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગરના સિવિલ સર્કલ નજીક આવેલ સ્ટેટ બેંકની મુખ્ય શાખામાં બુધવારે છ કર્મચારી સંક્રમણને કારણે કોરોના પોઝીટીવ આવતા મુખ્ય શાખાનું કામ થંભાવી દેવામાં આવ્યુ છે અને કોરોના પોઝીટીવ આવેલા કર્મચારીઓના રેપીડ ટેસ્ટ કરાયા બાદ જે ચિત્ર સામે આવ્યુ છે. તેના લીધે અન્ય કર્મચારીઓમાં ભય ફેલાયો છે. એક માસ અગાઉ પણ હિંમતનગરની આ મુખ્ય શાખામાં કોરોના પોઝીટીવના કેસ આવતા બેંકનું કામ બંધ કરી દેવામાં આવ્યું હતું. આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના સિવિલ સર્કલ નજીક આવેલ સ્ટેટ બેંકની વડી શાખામાં રોજબરોજ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ખાતેદારો બેંકીંગ કામ માટે આવે તે સ્વાભાવિક છે. દરમિયાન બેંક સત્તાવાળાઓ દ્વારા કોરોના સંક્રમણથી બચવા માટે ખાતેદારોને સેનેટાઈઝર અને માસ્કનો ઉપયોગ કરવા માટે અપીલ પણ કરાઈ રહી છે.

તેમ છતા વડીશાખામાં કામ કરતા છ કર્મચારીઓ સંક્રમણને કારણે કોરોના પોઝીટીવનો ભોગ બન્યા છે. જે અંગે બુધવારે કર્મચારીઓના કરાયેલા રેપીડ ટેસ્ટ બાદ ચીત્ર સ્પષ્ટ થયુ છે ત્યારબાદ બેંકના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કામકાજ રોકી દેવામાં આવ્યુ હતુ જોકે ખાતેદારોને મુશ્કેલી ન પડે તે માટે શહેરમાં આવેલી સ્ટેટ બેંકની અન્ય શાખાઓમાં કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

ઉલ્લેખનીય છે કે એક માસ અગાઉ પણ સ્ટેટ બેંકની આ મુખ્ય કચેરીમાં કોરોના પોઝીટીવના કેસ નોંધાયા બાદ કેટલાક દિવસ બેંકનું કામકાજ બંધ રખાયુ હતુ. મળતી માહિતી મુજબ આજ બેંકની મોતીપુરા તથા વડાલી શાખામાં પણ કોરોના પોઝીટીવના કેસ પ્રકાશમાં આવ્યા હોવાનું આધારભૂત સુત્રોમાંથી જણાવાયુ છે. છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાનું સંક્રમણ તેજ ગતિએ આગળ વધી રહ્યુ છે ત્યારે લોકોએ તેનાથી બચવા માટે ખુબજ સાવચેતી રાખવાની જરૂરી છે.

# સાબરકાંઠામાં કોરોના નવા સાત કેસ નોંધાયા

## પ્રાંતિજ અને વિજયનગર સિવાય કેસની સંખ્યામાં ચિંતાજનક વધારો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના નવા સાત કેસ સાથે કુલ આંક ૮૦૯ પર પહોંચી ગયો છે. રોજબરોજ વધી રહેલા કોરોના પોઝીટીવના કેસો જોતા પ્રજા જાતે જ જાગૃત થઈને નિયમોનું પાલન કરવા લાગી ગઈ છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ મંગળવારે સાંજે પાંચ વાગ્યાથી બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા સાત કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના ઈલોરા પાર્કમાં ૭૨ વર્ષીય પુરૂષ, પટેલપાર્ક સોસાયટીમાં ૩૫ વર્ષીય પુરૂષ તથા તાલુકાના ચાંપલાનાર ગામમાં રહેતા ૫૮ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે ઈડર તાલુકાના કુકડીયા ગામમાં ૩૦ વર્ષીય પુરુષ, તલોદની કૃષ્ણકુંજ સોસાયટીમાં ૭૪ વર્ષીય પુરૂષ, વડાલીના લક્ષ્મીપુરા કંપામાં ૩૯ વર્ષીય પુરૂષ તથા ખેડબ્રહ્મામાં આવેલ સિવિલના ક્વાર્ટર્સમાં રહેતા ૫૮ વર્ષીય મહિલા કોરોનામાં સપડાયા છે.

ઉલ્લેખનીય છે કે કોરોના પોઝીટીવનો કુલ આંક ૮૦૯ પર પહોંચ્યો છે ત્યારે બુધવારે પ્રાંતિજ અને વિજયનગર તાલુકામાં કોઈ નવા કેસ નોંધાયા નથી. તેમ છતા જિલ્લામાં એક્ટીવ કેસનો આંક ૯૩ પર સ્થિર રહ્યો છે. બીજી તરફ જોવા જઈએ તો સૌથી વધુ કોરોના પોઝીટીવના કેસ હિંમતનગર તાલુકામાં ૩૬૨ જ્યારે સૌથી ઓછા પોશીના તાલુકામાં ૮ છે. તેમ છતાં અન્ય તાલુકાઓની વાત કરીએ તો પ્રાંતિજમાં ૧૦૩, ઈડરમાં ૧૫૯, તલોદમાં ૭૩, વડાલીમાં ૪૭, ખેડબ્રહ્મામાં ૩૫ અને વિજયનગર તાલુકામાં કોરોના પોઝીટીવના કુલ કેસનો આંક ૨૨ છે.

## ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા રાશન કીટનું વિતરણ કરાયું

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા રાશન કીટનું વિતરણ કરાયું હતું. અમદાવાદના નવા નરોડા વિસ્તારમાં રંગભુમિના કલાકારો હાલના તબક્કે કોરોના વાઈરસની મહામારી દરમ્યાન જીવન નિર્વાહ ચલાવવામાં આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારત વિકાસ પરીષદ ભિલોડા, શાખા ધ્વારા જરૂરીયાતમંદ ૩૦ થી વધુ પરિવારોને રાશન કીટનું વિતરણ કરાયું હતું.

### શામળાજી ચેકપોસ્ટ નાબૂદ કર્યા પછી પણ

# સેલ્સ ટેક્સ અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર રીતે ઉઘરાણું કરાય છે

શામળાજી, તા. ૧૬

શામળાજી ચેકપોસ્ટ છેલ્લા દોઢ વર્ષથી સરકારે નાબુદ કરેલ છે તો આ ચેકપોસ્ટો પર બે કાંટા ઉપર ટ્રકોને લાંબી કતારો લગાવી હતી આશરે ૨૦૦ ટ્રકોની લાઈન જોઈને સ્થાનિક નાગરિક અને સમાજસેવક પૂછતા આ ચેકપોસ્ટ નાબૂદ થઈ ગયેલ છે અને આપ બેનું ચેકિંગ અને ઉઘરાણું કરો છો અને આપ કોણ છો સાહેબ આ બધા બીન ડ્રેસમાં હોવાથી પૂછ્યું હતું.



જાગૃત નાગરિક કે એમને જવાબ આપ્યો અમે આરટીઓ ઈન્સપેક્ટર તથા સેલટેક્સ ઈસ્પેક્ટર છીએ તો જાગૃત નાગરિકે પૂછ્યું સાહેબ તમારું કાર્ડ બતાવશો તો એમની કાર્ડ બતાવવાનો ઈનકાર કરી દીધો હતો તથા એમ કહ્યું હતું તમારાથી થાય એ કરી લેજો અમારી આગળ મોટી વગ છે, ત્યાં પછી જાગૃત નાગરિકે પોતાનો મોબાઈલમાં શૂટિંગ કરવા કાઢ્યો હતો તરત જ ૪ જણ જે પોતાની ઓળખ ઈસ્પેક્ટર તરીકે આપતા હતા જાગૃત નાગરિકના હાથમાંથી અમારો મોબાઈલ જુટવી લીધો હતો અને જાગૃત નાગરિક સામે હુમલો કર્યો હતો અને એમની સાથે એક એસઆરપી જવાને જાગૃત નાગરિક સામે બંદૂક બતાવી ત્યાંથીથી હલશો નહીં એવું કહ્યું હતું.

બંદૂક જોઈને સ્થાનિક નાગરિક ગભરાઈ ગયો હતો જવાન તથા જેમની ઓળખ ઈન્સ્પેક્ટર તરીકે આપતા હતા એચ આર જાગૃત નાગરિક ઉપર હુમલો કર્યો હતો અને ગાળો બોલવા લાગ્યા હતા અને ધાક ધમકી આપી હતી અમે રાજકોટીયા કાઠીયાવાડી છીએ મારીને ફેંકી દે શું તો પણ અમારું કંઈ ના બગડે. છાનોમાનો તારો જીવું બચાવી હાલતો થા એવું કહ્યું હતું અને વધારે કરીશ તો તને મોટા ગુનામાં ફસાવી દઉ છું શામળાજીમાં બોર્ડરના લીધે ભ્રષ્ટાચારનો કોઈ હદ નથી તો આજે અધિકારી છે કે આ ગુંડા તત્વો છે એ સમજાતું નથી.

### મોડાસાની રત્નદીપ સોસાયટીથી ઋષિકેશ સોસાયટીમાં રખડતા

# કુતરાઓના ખોફથી વાહનચાલકો રસ્તો બદલવા અને બાળકો ઘરમાં પુરાઈ રહેવા મજબુર

મોડાસા, તા. ૧૬

મોડાસા શહેરમાં દિન-પ્રતિદિન કુતરાઓનો આંતક વધી રહ્યો છે. શહેરના રહેણાંક સોસાયટીઓ અને ગલી-મહોલ્લાઓમાં જ્યાં જુઓ ત્યાં કુતરા અડિંગા જોવા મળે છે. મોડાસા શહેરમા રખડતા ઢોરો બાદ હવે કુતરાઓના આતંકથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મોડાસા શહેરની રત્નદીપ સોસાયટીથી ઋષિકેશ અને યમુનાનગર સોસાયટી સુધીના માર્ગ પર કુતરાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. શહેર જાણે શ્વાનનગર બની રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. શહેરમાં દિવસે ને દિવસે કુતરાનો આંતક વધતા શહેરમાં વૃધ્ધો અને બાળકોને બહાર નિકળવામાં પણ બીક લાગી રહી છે.

મોડાસા શહેરની રત્નદીપથી ઋષિકેશ સોસાયટીમાં રખડતા કુતરાઓ વાહનચાલકો અને રાહદારીઓને પાછળ દોડતા અને બચકા ભરી લેતા વાહનચાલકો અને રાહદારીઓ રસ્તો બદલવા મજબુર બની રહ્યા છે. ઋષિકેશમાં



રહેતા લેબોરેટરી સંચાલક જયેશ ભોઈની બાઈક પાછળ કુતરા પડતા બાઈક સ્લીપ થઈ જતા શરીરે ઈજાઓ પહોંચતા સારવાર લેવાની નોબત આવી હતી. મોડાસા નગરપાલિકા ટીમ દ્વારા કુતરાઓને પાંજરે પુરી જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવેની માંગ પ્રબળ બની છે.

મોડાસા શહેરમાં હવે રખડતા ઢોર પછી કુતરાઓના ઝુંડ નગરજનો માટે આફતરૂપ બની રહ્યા છે. રત્નદીપ અને ઋષિકેશ સોસાયટીમાં રોડ પર પડી રહેતા કુતરાના ટોળા વાહનચાલકો પાછળ દોડાદોડી કરી કરડી ખાતા વાહનચાલકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. અજાણ્યા વાહનચાલકો અને રાહદારીઓ તો રત્નદીપ અને ઋષિકેશ સોસાયટીમાંથી પસાર થતા મોતને હાથતાળી આપી પસાર થયા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. બંને સોસાયટીમાં અનેક લોકોને કુતરા કરડવાની અને પાછળ પડવાથી ઈજાગ્રસ્ત બનવાની ઘટનાઓ સતત બની રહી છે. બંને સોસાયટી અને શહેરમાં વધતા જતા કુતરાઓના આતંક સામે શહેરીજનોમાં નગરપાલિકા તંત્ર દ્વારા પાંજરે પુરી શહેરની બહાર છોડી મુકવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## પ્રેમ પામી નહી શકેના ડરે પ્રેમી પંખીડાએ મોતને વ્હાલું કર્યું

બાયડ, તા. ૧૬

આજના સમયમાં પ્રેમ સબંધમાં ભાગી જઈ લગ્ન કરવાની યુવક-યુવતીઓમાં હોડ જામી છે. બાયડ તાલુકાના પીપોદરા ગામના અને લહેરીપુરા ગામની યુવતી એકબીજાના પ્રેમમાં ઓતપ્રોત બન્યા હતા આ પ્રેમી યુગલ સાથે જીવવા મરવાના કોલ પણ આપ્યા હતા ત્યારે સમાજ પ્રેમી યુગલને નહી સ્વીકારે અને એક-બીજાને ભેગા રહેવા નહી દઈએ એવો અહેસાસ મહેશ ચતુરભાઈ પરમાર અને ભાવિક ઉર્ફે રીકુને અહેસાસ થતા બન્નેએ સાથે જીવી નહી શકાય પરંતુ બન્ને સાથે તો મરી જ શકાય એવો નિર્ણય લઈને ખેતરમાં જ ઝાડ સાથે દોરડું બાંધી બન્ને સજોડે આત્મહત્યા કરી લેતા બન્ને પ્રેમી યુગલના પ્રેમનો અંત લાવતા સમગ્ર પંથકમાં ભારે હાહાકાર મચી ગયો છે. બાયડ પોલીસે બંને મૃતક યુવક-યુવતીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# ભિલોડાના કિશનગઢ ગામની સીમમાંથી ૧૦ ફુટ લાંબો અજગર ઝડપાયો

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ચોમાસાની સિઝન દરમ્યાન સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન ચારે તરફ લીલોતરી જ લીલોતરી જોવા મળે છે.ભાદરવા માસની અસહ્ય કાળઝાળ ગરમી,ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે ઠેર-ઠેર સીમ વિસ્તારોમાં સાપ, અજગરો તેમજ ઝેરી જીવજંતુઓ જોવા મળતા હોય છે. સીમ વિસ્તારોમાં ખેડુતો, પશુપાલકો અને શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.

અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહ્યો છે. ભિલોડા તાલુકાના કિશનગઢ ગામના સીમ વિસ્તારમાં ખેતર ધરાવતા નગજીભાઈ ભગોરાના ખેતરમાંથી ૧૦ ફુટ લાંબો મહાકાય અજગર વન વિભાગના અધિકારીઓ ધ્વારા ઝડપાયો હતો. ભિલોડા વન વિભાગના આર.એફ.ઓ. પ્રિયાંક પટેલની રાહબરી હેઠળ પ્રતાપ ખરાડી, જગદીશ ફેરા, હિતેશ કુકડીયા, અજય ખરાડીએ કિશનગઢ ગામના સીમ વિસ્તારમાંથી ૧૦ ફુટ લાંબા મહાકાય અજગરને ગણતરીની મીનીટોમાં ઝડપી કંતાનના કોથળામાં ભરીને અજગરને સલામત રીતે નિર્જન જંગલ વિસ્તારમાં મુક્ત કર્યો હતો.ખેડુતો,પશુપાલકો અન શ્રમજીવીઓએ હાશકારો અનુભવ્યો હતો.

# પાલનપુરના ઢેલાણા ગામે ઘરમાંથી અફીણ ઝડપાયું

કોરોના મહામારી વચ્ચે પાલનુપર એસઓજીએ બાતમી આધારે અફીણનો જથ્થો ઝડપી પાડતાં ચકચાર મચી ગઈ છે. ગઈકાલે બુધવારે બપોરે ચોક્કસ બાતમી આધારે એસઓજીએ પંચો સાથે રાખી ઢેલાણા ગામે રેડ કરી હતી. જેમાં આરોપી હાજર નહિ મળતાં તેમની પત્નિ હાજર હોઇ એસઓજીએ તપાસ કરી હતી. એસઓજીએ ઘરની તિજોરીના ડ્રોવરમાંથી ૩૭૩.૩૯ ગ્રામ અફીણ ઝડપી પાડ્યુ છે. આ સાથે એસઓજીએ ફરાર હેદુજી ચેલાજી રાજપૂત સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કરાવતાં પોલીસે આરોપીને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના ઢેલાણા ગામેથી એસઓજીએ બાતમી આધારે અફીણનો જથ્થો ઝડપી પાડ્યો છે. એસઓજી પીએસઆઇ એમ.કે. ઝાલા સહિતની ટીમે બાતમી આધારે હેદુજી ચેલાજી રાજપૂતના ઘરે રેડ કરી ૩૭,૩૩૯નો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે રેડ દરમ્યાન આરોપીના પત્નિ જ હાજર હોઇ અને આરોપી સ્થળ પર હાજર ન હોઇ તેની સામે તાલુકા પોલીસ મથકે ફરીયાદ દાખલ કરાવી છે.

# ધોબીઢાળ જુની પોસ્ટ ઓફિસ પાસેથી જુગાર રમતા બે શકુનિઓને ઝડપતી મોડાસા ટાઉન પોલીસ

અરવલ્લી જીલ્લામાં જુગારીઓ માટે શ્રાવણ કે ભાદરવો એવું કશું રહ્યું નથી. મોડાસા ટાઉન



પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલા અને સર્વેલન્સ સ્કોર્ડના માણસો સાથે પેટ્રોલિંગમાં સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે મોડાસા શહેરના ધોબીઢાળ વિસ્તારમાં, જુની પોસ્ટ ઓફિસની પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ચોરીછુપીથી આંક ફરકનો વરલી મટકાનો જૂગાર રમી રમાડે છે. એવી બાતમીના પગલે દરોડો પાડી ખુલ્લી જગ્યામાં આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમતા બે શકુનિઓને રંગેહાથ ઝડપી પાડી જુગાર રમવાના સાધનો તથા અંગઝડતીમાં મોબાઈલ, રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧૨,૦૮૦નો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલા આરોપીઓ રમેશકુમાર અમૃતલાલ મોદી રહે. ગાંધીવાડા, મોડાસા તથા ગુલામનબી અહેમદમિયાં હાટમટીયા રહે. ધોબીઢાળ વહોરવાડ, મોડાસા ને જેલ ભેગા કરેલ છે.